

# ગુરુસત્તાની અમૃતવાણી

ઘસાવા કે અથડાવાથી શક્તિ પેદા થાય છે.

આ વૈજ્ઞાનિક નિયમ છે.

ઈશ્વર પોતાના પ્રિય પુત્ર એવા
મનુષ્યને શક્તિવાન, પ્રગતિશીલ,
વિકાસોન્મુખ, ચતુર, સાહસિક અને
પરાક્રમી બનાવવા ઇચ્છે છે.

તેથી તેણે દરેક મનુષ્યની સામે સમસ્યાઓ અને
મુશ્કેલીઓનો અંબાર ઊભો કરી દીધો છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય

http://rushichintan.com



# ગુરુસત્તાની અમૃતવાણી

દરેક મનુષ્યનો દૃષ્ટિકોણ, વિચાર, અનુભવ, અભ્યાસ, જ્ઞાન, સ્વાર્થ રસ તથા સંસ્કાર જુદાં જુદાં હોય છે.

તેથી બધા એક સરખું વિચારી શકતા નથી.

આ હકીકતને સમજીને બીજાઓ પ્રત્યે સહિષ્ણુતા રાખવી જોઈએ.

પોતાના કરતાં જુદો મત ધરાવનારને મૂર્ખ, અજ્ઞાની, દુરાચારી કે વિરોધી માનવો યોગ્ય નથી.

આવી અસહિષ્ણુતા જ ઝઘડાઓનું મૂળ છે.

એકબીજાના દૃષ્ટિકોણના અંતરને સમજીને સમજદારીથી કોઈ રસ્તો કાઢવો જોઈએ.

આમ છતાં જો કોઈ મતભેદ રહે તો તેને ધીરેધીરે દૂર કરતા રહેવું જોઈએ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

પુરુષાર્થ જ આપણી સ્વતંત્રતા અને સભ્યતાની
રક્ષા કરનારો મજબૂત કિલ્લો છે.
તેને કોઈ તોડી શકતું નથી.
આપણે પોતાની શક્તિ પર ભરોસો રાખીને
જીવન સંઘર્ષમાં પુરુષાર્થના બળે આગળ વધવું પડશે.
જો આપણે કંઈક કરવું હોય, સ્વતંત્ર રહેવું હોય તથા
જીવતા રહેવું હોય તો
પુરુષાર્થની ઉપાસના કરવી જ પડશે.
પુરુષાર્થ જ આપણા જીવનનો મુળ મંત્ર છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

વર્તમાન સૌથી કીમતી સમય છે. વીતી ગયેલો સમય પાછો આવી શકતો નથી.

તેના માટે ચિંતા કે શોક કરવાથી કોઈ ફાયદો નથી.

વર્તમાન જીવનની અમૂલ્ય મુડી છે. વર્તમાનની ક્ષણેક્ષણનો ઉતત્મ સદુપયોગ કરવો જોઈએ.

જે કાર્ય કરવાની ઇચ્છા હોય તે સમય વેડફ્યા વગર તરત જ શરૂ કરી દેવું જોઈએ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

## દરેક માણસની મનોભૂમિ, રુચિ, ભાવના અને પરિસ્થિતિ જુદી જુદી હોય છે.

તે એ પ્રમાણે જ વિચારે છે, ઇચ્છે છે અને કરે છે. આપણે ઉદારતાથી બીજાઓની ભાવનાઓનો આદર કરવો જોઈએ, નહિ તો કમ સે કમ તેમને સહન તો કરવી જ જોઈએ.

અસહિષ્ણુતા મનુષ્યનો એક દુર્ગુણ છે. તેમાંથી અહંકારની દુર્ગંધ આવે છે. દરેક માણસને આપણી મરજી મુજબ ચલાવવા ઇચ્છીએ તે મૂર્ખતા છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય

http://rushichintan.com



# ગુરુસત્તાની અમૃતવાણી

## આનંદનો સૌથી મોટો શત્રુ અસતોષ છે.

આપણે પ્રગતિના માર્ગે ઉત્સાહપૂર્વક આગળ વધીએ, પુરુષાર્થ કરીએ અને ઉજજવળ ભવિષ્યની રચના માટે સંલગ્ન રહીએ, પરંતુ સાથે સાથે

અસંતોષનો ત્યાગ કરવો જોઈએ.

તેની આગમાં માત્ર આનંદ જ નહિ, પરંતુ માનસિક સમતોલન અને શક્તિનો સ્ત્રોત પણ

બળીને ખાખ થઈ જાય છે.

અસંતોષથી પ્રગતિનો માર્ગ અવરોધાય છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય

http://rushichintan.com



# ગુરુસત્તાની અમૃતવાણી

આપણે સફળતા માટે પૂરી શક્તિથી પ્રયત્ન કરવો જોઈએ, પરંતુ અસફળતા મળે તો તેને સ્વીકારવાની તૈયારી પણ રાખવી જોઈએ. પ્રગતિના માર્ગે ચાલનારને આ તડકાછાંયડાનો સામનો કરવો પડે છે.

હંમેશાં સફળતા જ મળે એવી આશા

બાળબુદ્ધિવાળા લોકો જ રાખે છે.

આપણે નાનીમોટી સફળતાઓથી અતિશય આનંદિત ન થવું જોઈએ કે અસફળતા જોઈને હિંમત ન હારવી જોઈએ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

આપણે અલગતાવાદી ન બનવું જોઈએ. મોટાઈ મેળવવાના ચકકરમાં ન ફસાવું જોઈએ.

પોતાની અલગ પ્રતિભા ચમકાવવાની ઝંઝટ ન કરો.

સમૂહનું અંગ બનીને રહો. બધાની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ અને બધાના સુખમાં પોતાનું સુખ જુઓ.

પોતાને મળેલી પ્રતિભા, સંપત્તિ અને ગૌરવ એ સમાજનું અનુદાન છે.

તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ એ ચીજો સજજનતાપુર્વક સમાજને પાછી આપવામાં જ છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

પડેલાને ઊભો કરવો, પછાતોને આગળ વધારવા, ભૂલેલાને માર્ગ બતાવવો અને અશાંતને શાંતિદાયક સ્થાન સુધી પહોંચાડવો એ જ વાસ્તવમાં ઈશ્વરની સેવા છે.

**જ્યારે આપણે કોઈ દુખી કે ગરીબને જોઈને વ્યથિત થઈએ છીએ અને મલિનતાને સ્વચ્છતામાં બદલવા માટે**

આગળ વધીએ છીએ ત્યારે સમજવું જોઈએ કે એ કાર્ય ઈશ્વરની પ્રસન્નતા માટે જ કરી રહ્યા છીએ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

## આપણે પોતાને પ્રેમ કરવો જોઈએ.

## જેથી ઈશ્વરને પ્રેમ કરવા યોગ્ય બની શકીએ.

આપણે આપણાં કર્તવ્યોનું પાલન કરવું જોઈએ, જેથી ઈશ્વરની નજીક બેસવાની પાત્રતા કેળવી શકીએ.

જેણે પોતાના અંતઃકરણને પ્રેમથી તરબોળ કરી દીધું છે,

જેના ચિંતન અને કાર્યમાં પ્રેમ વ્યાપેલો છે

તેને જ ઈશ્વરનો પ્રેમ મળે છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

માત્ર રામનામ લેવાથી આત્મિક ઉદ્દેશ્ય પૂરો થઈ જાય છે એવા ભ્રમને મનમાંથી દૂર કરવો જોઈએ.

**આત્મકલ્યાણનો માર્ગ આટલો સસ્તો નથી.**

**પૂજા યોગ્ય અને જરૂરી છે,**

પરંતુ જ્યારે આપણો જીવનક્રમ ઉત્કૃષ્ટ હોય ત્યારે જ તે સફળ અને સાર્થક થાય છે,

નહિ તો માત્ર પોપટની જેમ રટણ કરવાથી કોઈનું ભલું થતું નથી.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

સકામ ઉપાસનાથી લાભ નથી થતો એવું નથી.

**મજૂરને મજૂરી મળે છે, તો પછી ભગવાન કોઈ ભજન કરનારને મજૂરી કેમ ના ચૂકવે ?**

આપણું ભજન જેટલું હશે, આપણી શ્રદ્ધા જે કક્ષાની હશે અને જેવો ભાવ હશે એ પ્રમાણે ભગવાન આપશે. તેમને ત્યાં અન્યાય થતો નથી.

એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે વ્યાપાર બુદ્ધિથી કરેલા ભજનનો લાભ એના પ્રમાણમાં મળે છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

જે ઉન્નતિ તરફ આગળ વધવાનો પ્રયત્ન નહિ કરે તેનું પતન થવું સ્વાભાવિક છે.

આ સંસારમાં મનુષ્યના જીવનની બે જ ગતિ છે

## ઉન્નતિ કે પતન.

## આ બે સિવાય ત્રીજી કોઈ ગતિ નથી.

જો માણસ ઉન્નતિ તરફ આગળ નહિ વધે, તો સમય તેને પતનની ખાઈમાં નાખી દેશે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

એવું કદાપિ ન વિચારો કે મારું ભાગ્ય મને ઠેરઠેર ભટકાવે છે અને ભાગ્યની સામે આપણું કશું ચાલી શકતું નથી.

આવી ભાવનાને મનમાંથી કાઢી નાખો. ભાગ્ય કરતાં મનુષ્ય મોટો છે. બહારની કોઈપણ શક્તિ કરતાં વધારે પ્રચંડ શક્તિ તેની અંદર રહેલી છે.

આ વાતને જયાં સુધી આપણે નહિ સમજીએ ત્યાં સુધી આપણું કલ્યાણ નહિ થાય.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

કોઈ વ્યક્તિના કહેવાથી કે કોઈ વિપત્તિ આવવાથી પોતાના આત્મવિશ્વાસને ડગમગવા ન દો.

કદાચ તમે તમારી સંપત્તિ, સ્વાસ્થ્ય, યશ અને સન્માન ખોઈ બેસો, પરંતુ જયાં સુધી તમને તમારામાં શ્રદ્ધા હશે, ત્યાં સુધી તમારી આશા જીવત રહેશે.

જો આત્મ શ્રદ્ધાને ટકાવી રાખશો અને આગળ વધતા રહેશો તો આ સંસાર વહેલામોડા તમને માર્ગ આપશે જ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

બીજાઓને સુધારવાને બદલે આપણે પોતાને સુધારવાનો વિચાર કરવો જોઈએ.

બીજાઓના દોષદુર્ગુણ જોઈને ગુસ્સે થતા પહેલાં આપણે પોતાના દોષદુર્ગુણો જોવા જોઈએ.

પોતાની બૂરાઈઓને દૂર કરવી તે પ્રશંસનીય કાર્ય છે. સારા કામની શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ. આપણે સુધરીને તથા આપણો દૃષ્ટિકોણ સુધરી જાય, તો બીજાઓમાં સુધારો થવો ખૂબ સરળ છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

ઉન્નતિના માર્ગ પર કોઈના માર્ગ પ્રતિબંધ નથી.

## તે બધા માટે સમાનરૂપે ખુલ્લો છે.

## પરમાત્માના વિધાનમાં અન્યાય કે પક્ષપાત હોતો નથી.

જે માણસ પોતાની અંદર જેટલા વધારે ગુણ, ક્ષમતા અને યોગ્યતાનો વિકાસ કરશે એટલા જ પ્રમાણમાં તેને વધારે વિભૂતિઓ મળતી જશે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

દુષ્ટતા કદાપિ કોઈના માટે લાભદાયક સાબિત થઈ નથી.

જેણે જેણે દુષ્ટતા આચરી છે તેઓ ખોટમાં જ રહ્યા છે અને

વાતાવરણ દૂષિત થયું છે.

**આથી દુષ્ટતા આચરવાથી કોઈ લાભ નથી.**

અનીતિ અપનાવીને સુખની આકાંક્ષા રાખવી એ કોઈના માટે શક્ય નથી. માટે આપણે પણ એવી ખોટી આશા રાખવી ન જોઈએ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

તમે સફળતાથી આશા તથા અભિલાષા રાખ્યા વગર અને તેના માટે દૃઢતાથી પ્રયત્ન કર્યા વગર સફળતા મેળવી શકતા નથી.

**દરેક મોટી સફળતા માટે પહેલાં દૃઢ આત્મશ્રદ્ધા હોવી અનિવાર્ય છે.**

એના વગર કદાપિ સફળતા મળી શકતી નથી. ભગવાનના આ નિયમબદ્ધ અનેક કર્મપ્રધાન જગતમાં દૈવયોગ માટે કોઈ સ્થાન નથી.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

તે ઉન્નતિ કરવી અને સદાચારી બનવું

એટલું જ પૂરતું નથી.

## બીજાઓને પણ એવી સુવિધા મળે તે માટે

## પ્રયત્ન કરવો જરૂરી છે.

જેઓ એ તરફ ઉદાસીન રહે છે તેઓ અપરાધી ન દેખાતા હોવા છતાં પણ ખરેખર અપરાધી છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

જે અનીતિના માર્ગે ધન કમાય છે તેની એ કમાણી, ચોરી, બીમારી, ભોગવિલાસ, મુકદ્દમો, નશાખોરી, લાંચ, વ્યભિચાર વગેરે ખરાબ કાર્યોમાં જ ખર્ચાતી જોવા મળે છે.

## જેવી રીતે ધન આવે છે તેવી જ રીતે જતું રહે છે. તે પોતાની પાછળ પાપ, પશ્ચાત્તાપ અને નિંદા મૂકીને જાય છે.

તે જોઈને કુમાર્ગે ચાલનાર માણસ પોતાની એ અણસમજ બદલ દુઃખી થતો રહે છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય

http://rushichintan.com



# ગુરુસત્તાની અમૃતવાણી

આપણે બાહ્ય આડંબર જોઈને કોઈ ખોટા માણસને જો આદર આપીએ તો તેની દુષ્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના ભાગીદાર બનીએ છીએ.

આનાથી ઊલટું, જો આપણી અંદર વિવેકબુદ્ધિ હોય તો કુમાર્ગ પર ચાલનારા અનેક લોકોને રોકીને તેમને સાચી દિશામાં વાળી શકીએ છીએ અને આ રીતે સમાજની અનિચ્છનીય પ્રવૃત્તિઓને અટકાવી શકીએ છીએ.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

આ સંસારમાં સારી બાબતોની ખોટ નથી. શ્રેષ્ઠ અને સજ્જન લોકો સર્વત્ર જોવા મળે છે.

**દરેક વ્યક્તિમાં થોડાક તો સદ્દગુણો હોય છે.**

જો આપણે બીજાઓના દોષો જોવાના બદલે સદ્દગુણો શોધવાનો સ્વભાવ બનાવી લઈએ તો ધૃણા અને દ્વેષના બદલે આપણને પ્રસન્નતા પ્રાપ્ત કરવા લાયક ઘણું બધું આ સંસારમાંથી મળી રહેશે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

એકબીજાને પ્રોત્સાહન ન આપવું તે આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનની એક મોટી કમજોરી છે.

કોઈને પ્રોત્સાહનના બે શબ્દો કહેવાને બદલે લોકો તેને અસફળતાની વાતો કહીને નિરુત્સાહ કરે છે, તેની હિંમત તોડી નાખે છે.

એનાથી બીજાઓને નિરાશા મળે છે અને આપણા સામાજિક વિકાસમાં અવરોધ પેદા થાય છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય

http://rushichintan.com



# ગુરુસત્તાની અમૃતવાણી

## ઈશ્વરવિશ્વાસનો અર્થ છે –

એક એવી ન્યાયકારી સત્તાના અસ્તિત્વનો સ્વીકાર કરવો, જે સર્વવ્યાપી છે અને કર્મફળ પ્રમાણે આપણને ઉન્નતિ કે પતનનો અવસર આપે છે.

જો કોઈ આવો વિશ્વાસ સાચા મનથી કરી લે તો તેની વિવેકબુદ્ધિ કુકર્મ કરવાની દિશામાં તેને એક ડગલું પણ આગળ વધવા નહિ દે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

## મનુષ્યના વિચાર જેવા હોય છે તેવો જ તે બની જાય છે.

વિચાર બીબું છે અને જીવન ભીની માટી છે. જેવા આપણા વિચાર હોય છે તેવું જ આચરણ આપણે કરીએ છીએ, એવા જ સાથીઓ મળે છે, રુચિ, જાણકારી તથા પ્રેરણા પણ એ પ્રકારની જ મળે છે.

તેથી જો શ્રેષ્ઠ બનવું હોય તો હંમેશાં શ્રેષ્ઠ મનુષ્યોના સંપર્કમાં રહેવું, શ્રેષ્ઠ પુસ્તકો વાંચવા, શ્રેષ્ઠ વાતો વિચારવી અને શ્રેષ્ઠ કાર્યો કરવા જરૂરી છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

ભાગ્યવાદ તથા ઈશ્વરની ઈચ્છાથી જ બધું થાય છે એવી માન્યતા વિપત્તિમાં દુખી ન થવા અને સંપત્તિમાં અહંકારી ન બનવા માટેનો એક માનસિક ઉપચાર જ છે.

અધ્યાત્મની આડમાં કાયમ

આ માન્યતાનો ઉપયોગ કરવાથી

વ્યક્તિ કાયર,

અકર્મણ્ય અને

નિરુત્સાહી બની જાય છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

## વાતો કરવાનો જમાનો જતો રહ્યો.

હવે કાર્યથી જ કોઈ માણસના જુઠા કે સાચા હોવાની પરખ કરવામાં આવશે.

કેટલાક લોકો આગળ વધીને એ સિદ્ધ કરશે કે આદર્શવાદ માત્ર ચર્ચાનો એક મનોરંજક વિષય નથી.

તેને અપનાવવો ખૂબ સરળ અને

દરેક દૃષ્ટિએ લાભદાયક છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગુરુસત્તાની અમૃતવાણી

## મારા તથા તમારા સૌના માટે સંસારમાં એક મહત્વપૂર્ણ સ્થાન છે.

તેને આપણે પાત્રતા કેળવીને ગમે ત્યારે મેળવી શકીએ છીએ. પ્રમાદ છોડીને પુરુષાર્થી બનો,

અસ્તવ્યસ્તતાથી દૂર રહી વ્યવસ્થિત

જીવન તથા કાર્યપદ્ધતિ અપનાવો. પોતાના પરિશ્રમ દ્વારા કોઈપણ વસ્તુનું મૂલ્ય ચૂકવો. અધ્યયન તથા પરિશ્રમની સાધના કરો. પછી જુઓ કે સંસારનું કયું દુર્ભાગ્ય તમને મહત્વપૂર્ણ સ્થાને પહોંચતાં રોકે છે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય

http://rushichintan.com



# ગુરુસત્તાની અમૃતવાણી

## મારા લીધે બીજાઓનું ભલું થયું છે એવું વિચારવું મૂર્ખતા છે.

આપણા વગર સંસારનું કોઈ કામ અટકી રહેવાનું નથી.

આપણા જન્મ પહેલાં સંસારનું બધુ કામ સારી રીતે ચાલતું હતું અને આપણા પછી પણ એ જ પ્રમાણે ચાલતું રહેશે.

પરમાત્મા એટલો ગરીબ અને કમજોર નથી કે આપણી મદદ વગર સૃષ્ટિનું કામ ચલાવી ન શકે.

-પં. શ્રીરામ શર્મા આચાર્ય